# અદાણીએ CNGમાં રૂ. ૮.૧૩ અને PNGમાં ૫.૦૬નો ઘટાડો કર્યો

## દેશવાસીઓએ માટે એક રાહતના સમાચાર સામે આવ્યા : અમદાવાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિલોએ રુપિયા ૭૪.૨૯, વડોદરામાં રુપિયા ૭૩.૦૩, ખેડામાં રુપિયા ૭૫.૧૭, સુરેન્દ્રનગરમાં રુપિયા ૭૫.૧૭, પોરબંદરમાં ૭૩.૮૧, નવસારીમાં ૭૪.૯૬ થયો છે

અમદાવાદ, તા.૮

દેશવાસીઓ માટે એક રાહતના સમાચાર સામે આવ્યા છે. અદાણી ટોટલ ગેસ લિમિટેડે સીએનજી અને પીએનજીમાં ભાવમાં ઘટાડો કર્યો છે. જે બાદ દેશવાસીઓને મોંઘવારીમાંથી થોડી રાહત મળી છે. અદાણીએ સીએનજીમાં રુપિયા ૮.૧૩ અને પીએનજીમાં રુપિયા ૫.૦૬નો ઘટાડો કર્યો છે. શુક્રવારની મોડી રાતે આ ભાવ ઘટાડો જાહેર કરવામાં આવ્યો હતો. જેથી આ ભાવ ઘટાડો શનિવારની સવારથી લાગુ થશે. અદાણીએ સીએનજી અને પીએનજીના ભાવમાં ઘટાડો કરતા ગુજરાતમાં પણ તેની અસર જોવા મળી છે. અદાણીએ પોતાની વેબસાઈટમાં દર્શાવેલા આંકડા મુજબ, ભાવ ઘટાડા બાદ અમદાવાદમાં સીએનજીનો ભાવ રુપિયા ૭૪.૨૯ થયો છે. અદાણી દ્વારા ભાવ ઘટાડા બાદ લોકોમાં પણ ખુશી જોવા મળી રહી છે. મહત્વનું છે કે, અદાણી ટોટલ ગેસ લિમિટેડનો આ નિર્ણય કેન્દ્રિય કેબિનેટે ઘરેલુ ગેસના ભાવો માટે નવી ફોર્મ્યુલા લાગુ કર્યાના એક દિવસ બાદ આવ્યો છે. ત્યારે આ ભાવ ઘટાડા બાદ ખાસ કરીને રિક્ષાચાલકોમાં ખુશી જોવા મળી રહી છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અદાણીએ સીએનજીની કિંમતમાં પ્રતિ કિલોએ રુપિયા ૮.૧૩ અને પીએનજીમાં પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટરે રુપિયા ૫.૦૬નો ઘટાડો કર્યો છે.

અદાણી દ્વારા આ ભાવ ઘટાડો કરવામાં આવતા દેશવાસીઓ સહિત ગુજરાતીઓને પણ મોટી રાહત મળી છે. અદાણીના આ નિર્ણય બાદ અમદાવાદમાં શનિવારે સીએનજીનો ભાવ પ્રતિ કિલોએ રુપિયા ૭૪.૨૯, વડોદરામાં રુપિયા ૭૩.૦૩, ખેડામાં રુપિયા ૭૫.૧૭, સુરેન્દ્રનગરમાં રુપિયા ૭૫.૧૭, પોરબંદરમાં ૭૩.૮૧, નવસારીમાં ૭૪.૯૬ થયો છે. મહત્વનું છે કે, ગેસની કિંમત નક્કી કરવાની નવી ફોર્મ્યુલાને મોદી સરકારની કેબિનેટ બેઠકે મંજૂરી આપી હતી. મહત્વનું છે કે, આ ભાવ ઘટાડા પહેલાં અમદાવાદમાં સીએનજીનો ભાવ રુપિયા ૮૦થી પણ વધારે હતો. અડધી રાત્રે લેવાયેલા આ નિર્ણય બાદ દેશવાસીઓને પણ રાહત મળી છે. તો આ અંગે કેન્દ્રિય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે, પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં કેટલાંક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

આ બેઠકમાં પેટ્રોલિયમ મંત્રાલયને લઈને પણ મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. કેબિનેટે કુદરતી ગેસની કિંમત નક્કી કરવા માટે નવી ફોર્મ્યુલાને મંજૂરી આપી દીધી છે. નવી ફોર્મ્યુલાની અસરને કારણે કિંમતોમાં ઘટાડો થશે અને દેશભરમાં સીએનજી તથા પીએનજીના ભાવમાં ૭થી ૧૦ ટકાની રાહત મળશે.

કેબિનેટ દ્વારા મંજૂર કરવામાં આવેલી નવી ફોર્મ્યુલા હેઠળ હવે સ્થાનિક કુદરતી ગેસની કિંમત ભારતીય ક્રૂડ બાસ્કેટની કિંમતના આધારે નક્કી કરવામાં આવશે. અત્યાર સુધીમાં સ્થાનિક કુદરતી ગેસની કિંમત વિશ્વના ચાર મુખ્ય ગેસ ટ્રેડિંગ હબ જેવા કે હેનરી હબ, અલ્બેના, નેશનલ બેલેન્સિંગ પોઈન્ટ યુકે અને રશિયન ગેસના ભાવના આધારે નક્કી કરવામાં આવતી હતી. ત્યારે આ નિર્ણયથી શનિવારથી સીએનજી અને પીએનજીના ભાવમાં ઘટાડો થયો છે.





આજે મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલની મેચ રમાનાર છે ત્યારે ખેલાડીઓ નેટ પ્રેક્ટિસ કરી રહેલ છે. ગુજરાત અને કલકતાની ટીમ વચ્ચે મેચ યોજાશે ત્યારે ખેલાડીઓ જીતવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે.

# મહાઠગ કિરણ પટેલના ૭ દિવસના રિમાન્ડ મંજૂર

## કિરણ પટેલ સામે ગુજરાતમાં ૪ કેસ ઓક્ટોબર-૨૨થી અત્યાર સુધી ચાર વાર કાશ્મીર ગયો

અમદાવાદ, તા.૮

મહાઠગ કિરણ પટેલના અમદાવાદ મેટ્રો કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી પરંતુ કોર્ટે ૧૫ એપ્રિલ સુધીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા. કિરણ પટેલના રિમાન્ડગાળામાં મોટા ખુલાસા થઈ શકે છે. અત્રે જણાવવાનું કે ગુજરાતના મહાઠગ કિરણ પટેલને જમ્મુ કાશ્મીરથી અમદાવાદ લાવવામાં આવ્યો છે. કિરણ પટેલને લઈને મોડી રાત્રે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પહોંચી હતી. તે પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગુરૂવારે જમ્મુ કાશ્મીરથી કિરણ પટેલની કસ્ટડી મેળવી હતી. અમદાવાદમાં લાવીને કિરણ પટેલનો કોરોના ટેસ્ટ પણ કરાયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં કિરણ પટેલ વિરુદ્ધ કુલ ૩ કેસ



નોંધાયા છે. પ્રધાનમંત્રીની ઓફિસમાં ઉચ્ચ અધિકારી હોવાની ઓળખ આપીને કેટલાય લોકોનું લાખો રૂપિયાનું બૂચ મારનારા ગઠિયા કિરણ પટેલને આખરે અમદાવાદ લઈ અવાયો છે. કિરણ ગયા મહિને કાશ્મીરમાં ઝેડ પ્લસ સિક્યોરિટીમાં ફરતો હતો, અને તેણે આ સિક્યોરિટી પોતે પીએમ ઓફિસમાં ફરજ બજાવતો અધિકારી હોવાનું એક વિઝિટિંગ કાર્ડ બતાવીને મેળવી હતી. કિરણ પટેલ સામે અમદાવાદના સિંધુ ભવન રોડ પર એક બંગલો પચાવી પાડવાની ફરિયાદ નોંધાઈ છે, જે સંદર્ભમાં તેની ધરપકડ કરવામાં આવી છે. શ્રીનગરની જેલમાં રહેલા કિરણની કસ્ટડી લેવા માટે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ટીમ ત્યાં ગઈ હતી, અને ત્યાંથી કિરણને બાયરોડ અમદાવાદ લઈને આવી પહોંચી હતી. દેખાડા કરવામાં માસ્ટર કિરણ પટેલ કાશ્મીરમાં ઝેડ પ્લસ સિક્યોરિટીમાં ફરતો હોવાના વિડીયો પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતો હતો. વિડીયોમાં રૂઆબ બતાવતા કિરણને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે જ્યારે મીડિયા સમક્ષ રજૂ કર્યો ત્યારે તે એકદમ બકરી બનીને ઉભો રહ્યો હતો. કિરણની પત્ની પણ માલિની પણ હાલ મકાન પચાવી પાડવાના જ કેસમાં જેલની હવા ખાઈ રહી છે. કિરણે કાશ્મીરમાં સ્થાનિક અધિકારીઓને બેવકૂફ બનાવીને ઝેડ પ્લસ સિક્યોરિટી લીધી છે તેવો ઘટસ્ફોટ થયો ત્યારે તેની પત્નીએ એવી વાતો કરી હતી કે તેના પતિ તો દેશ માટે કામ કરે છે, અને તેમણે ક્યારેય કંઈ ખોટું નથી કર્યું. જોકે, પોલીસે માલિની ફરતે ગાળિયો કસ્યો ત્યારે તે પણ રફુચક્કર થઈ ગઈ હતી, અને આખરે કેટલાક દિવસ ગાયબ રહ્યા બાદ તે જંબુસરમાંથી પકડાઈ ગઈ હતી.

# ટેક્સટાઈલ અને આનુષાન્ગિક ઉદ્યોગોની ઈ- ડિરેક્ટરીનું મુખ્યમંત્રી દ્વારા લોન્ચિંગ

## ભારતને ગ્લોબલ ટેક્સટાઇલ હબ બનાવવાના વડાપ્રધાનના સંકલ્પમાં ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગને યોગદાન આપવામાં અગ્રેસર રાખવાની નેમ : મુખ્યમંત્રી




ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારતને ગ્લોબલ ટેક્સટાઈલ હબ બનવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પમાં ગુજરાતના સમગ્ર ટેક્સટાઈલ ઉદ્યોગને યોગદાન આપવામાં અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, દેશના કુલ કપાસ ઉત્પાદન નું ૩૦% ઉત્પાદન ગુજરાતમાં થાય છે. એટલું જ નહીં ટેકિનકલ ટેકસટાઈલમાં ૨૫% ટકાથી વધુનું યોગદાન ગુજરાત આપે છે.

મુખ્યમંત્રી શ્રી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત ટેક્સટાઈલ લીડરશીપ કોક્લેવ માં સંબોધન કરી રહ્યા હતા. શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે રાજ્યભરના ટેક્સટાઈલ ઉદ્યોગો અને આનુષાન્ગિક ઉદ્યોગોની વિગતો એક જ પ્લેટફોર્મ પર પૂરી પાડતી ઈ- ડિરેક્ટરીનું પણ લોન્ચિંગ કર્યુ હતું.

# આણંદના બે શખ્સોએ યુએસના લોકોના બેન્ક એકાઉન્ટ ખાલી કર્યા

આણંદ, તા.૮

આણંદના ૨ શખસોએ ગુજરાતમાં બેઠા બેઠા અમેરિકન લોકોના બેંક એકાઉન્ટ ખાલી કરી દીધા છે. કોલકાતાના ૪ શખસોની સાથે મળી મોટુ કૌભાંડ આચર્યું છે. તેઓ આણંદમાં એક મકાન ભાડે રાખીને કોલ સેન્ટર ચલાવતા હતા. જ્યાં ઓનલાઈન વિગતો ભરી ફેક ફલાઈટ ટિકિટ બુક કરાવી અમેરિકન નાગરિકોના બેંક એકાઉન્ટ સાફ કરી દેતા હતા. એસઓજીની ટીમે આણંદ જિલ્લામાં બાતમીના આધારે સુંદલપુરા ગામમાં દરોડા પાડ્યા હતા. ઉલ્લેખનીય છે કે અહીં જીંની ટીમને માહિતી મળી હતી કે આણંદના એક નાના ગામમાંથી અમેરિકન નાગરિકોને લૂંટતી ગેંગ સક્રિય છે. તેઓ કોલસેન્ટરના નામે મોટું કૌભાંડ આચરી રહ્યા છે. દરોડા પાડ્યા ત્યારે પોલીસને કુલ ૨.૧૬ લાખનો મુદ્દામાલ મળ્યો હતો તથા આની સાથે લેપટોપ અને મોબાઈલનો જથ્થો પણ કબજે કરી લેવામાં આવ્યો હતો.

પોલીસે દરોડા પાડી ૨ મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી લીધી હતી. આ દરમિયાન પૂછપરછમાં જાણવા મળ્યું કે તેઓ કોલ સેન્ટરના નામે અમેરિકન લોકોને લૂંટી રહ્યા છે. એટલું જ નહીં ૨૦ દિવસ પહેલા સુંદલપુરા ગામમાં તેમણે એક મકાન ભાડે લીધું હતું. ત્યારપછીથી અહીં તમામ સુવિધા ઉપલબ્ધ કરાવી અને લેપટોપ તથા મોબાઈલ ઈન્ટરનેટ કોલિંગ સહિતની વ્યવસ્થા કરી દીધી હતી. આ તમામ સેટ અપ કર્યા પછી આ ટોળકીએ યુએસએની બેંકમાં ખાતાધારકોને લૂંટવાનું શરૂ કરી દીધું હતું. આ કૌભાંડમાં ૬ આરોપીઓ સંડોવાયેલા છે. અહીંના ૨ મુખ્યસૂત્રધાર પૈકી એક શખસ ઓનલાઈન ચેટ એપ્લિકેશન પર મિસ્ટર નો બડી ફિશિંગ માટે એચટીએમએલ ફાઈલ મોકલતો હતો. તપાસ દરમિયાન લેપટોપમાંથી અનેક ફિશિંગ મેસેજ મળ્યા હતા. આ કૌભાંડ આચરવા માટે શખસો એક ખાસ એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા. જેના પરિણામે અમેરિકન નંબર પરથી વિદેશી લોકોને છેતરાઈ રહ્યા હતા.

આ શખસો સૌથી પહેલા ફિશિંગ એપની મદદથી ફોન કરતા. તથા અમેરિકન નાગરિકોને જાણ કરતા હતા કે તેઓ અમેરિકન બેંકમાંથી વાતચીત કરી રહ્યા છે. તેમણે ફલાઈટની ટિકિટ બુક કરાવી છે જેથી કરીને રૂપિયા ડેબિટ કરવા કન્ફર્મેશન જોઈએ છે. આ વાત સાંભળતા જ અમેરિકન લોકો ચોંકી જાય છે તથા ટિકિટ કેન્સલ કરી રૂપિયા ડેબિટ ન કરવા માટે કહે છે. બસ અહીંથી કૌભાંડની શરૂઆત થયા છે. આણંદના શખસો ત્યારપછી તેમને એક લિંક મોકલે છે જેમાં તમામ ડિટેલ ભરી નજીવા ચાર્જ ચૂકવી ટિકિટ કેન્સલ થઈ જશે એવી માહિતી આપે છે.

અમેરિકન નાગરિકો મોંઘી ટિકિટ ન ખરીદવી પડે એના માટે કેન્સલ કરાવવા તૈયાર થઈ જાય છે. આ લિંક પર ક્લિક કરી તમામ ડિટેલ ભરી દે છે. જેમાં નામ, સરનામું, ઝીપ કોડ, સ્ટેટ, શહેર, બેંક ડિટેલ સહિતની માહિતી ભરવાની હોય છે. ત્યારપછી નો બડી નામનો શખસ વેરિફિકેશન પ્રોસેસ શરૂ કરે છે.

ઉલ્લેખનીય છે કે વેરિફિકેશન પ્રોસેસ આગળ ચાલતી હોય ત્યારે અમેરિકન નાગરિકોને એક ઓટીપીમળે છે. બસ આ ઓટીપીની મદદથી જ તેઓ વિગતો ભરી દેતા અને ગણતરીની સેકન્ડોમાં આખું બેંક એકાઉન્ટ ખાલી થઈ જતું હતું. ઉલ્લેખનીય છે કે આ કોલ સેન્ટરને શરૂ થયાની માત્ર ૨૦ દિવસ થયા હતા પરંતુ અમેરિકન લોકોમાં હાહાકાર મચી ગયો હતો. આ લોકોએ અઢળક અમેરિકન લોકોને લૂંટી માર્યા હતા.

અમેરિકન નાગરિકોના બેંકમાંથી ત્યારપછી સમયાંતરે રૂપિયા ડેબિટ થતા રહેતા હતા. આ અંગે કોલ સેન્ટરમાંથી શખસો જણાવતા કે ૧૫ દિવસની અંદર આ તમામ રૂપિયા જમા થઈ જશે. બીજી બાજુ ઘણા એવા કિસ્સા પણ સામે આવ્યા છે કે જો કોઈ વ્યક્તિને એકથી વધુ બેંક એકાઉન્ટ હોય અથવા તે જ એકાઉન્ટમાં ટ્રાન્સેક્શન લિમિટ આવી જાય તો બીજી રીતે આવા ઠગો રૂપિયા ચોરી લેતા હતા.

આ ટોળખી આણંદના નાના ગામમાં બેઠા બેઠા અમેરિકન લોકોના ક્રેડિટ કે ડેબિટ કાર્ડની ડિટેલ પણ કઢાવી લેતી હતી. તેઓ ઉપરોક્ત કૌભાંડ આચર્યા પછી વધુ રકમ લૂંટવા માટે અમેરિકન લોકોને પોતાની જાળમાં ફસાવી લેતા હતા. તેમને એક એપ્લિકેશનમાં રૂપિયા જમા થયા છે અને પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું છે એમ કહી ડેબિટ કાર્ડ ડિટેલ મેળવી લેતા હતા. અહીં પણ ઓટીપીડેટા માગીને ટેપ પેમેન્ટના આધારે આખું બેંક એકાઉન્ટ અને ક્રેડિટ લિમિટ સાફ કરી દેતા હતા.

# ગુજરાત, બિહાર સહિત નવ રાજ્યો બન્યા સાયબર ક્રાઈમના હોટસ્પોટ

અમદાવાદ,તા.૮

દરેક નવી સુવિધા કે ટેક્નોલોજી તેની સાથે કેટલાંક એવાં અનિષ્ટો પણ લઈને આવે છે, જે તેને એક ક્ષણમાં જ આશીર્વાદમાંથી શ્રાપમાં બદલી નાખે છે. જેટ સ્પીડવાળા ઈન્ટરનેટના આ આધુનિક યુગમાં આજે લોકો સોશિયલ મીડિયા પર સતત પોતાની અંગત જિંદગીના અપડેટ્સ પોસ્ટ કરીને લાઈક અને કોમેન્ટ્સની રાહ જોઈને બેઠા હોય છે ત્યારે કેટલાક શાતિર લોકો માનવ મનની દરેક નબળાઈનો પૂરેપૂરો ગેરલાભ ઉઠાવીને જાળ બિછાવી તૈયાર જ બેઠા હોય છે.

સાયબર ક્રાઈમના આ ખતરનાક ઠગ એક પળમાં જ તમારા બેંક એકાઉન્ટમાંથી તમારી જિંદગી આખીની મહેનતની કમાણી ઉડાવી જાય છે અને મોટા ભાગના કેસમાં પોલીસ પણ તેમના સુધી પહોંચવામાં અસમર્થ નીવડે છે. સાયબર ક્રાઈમ પોલીસ અને નિષ્ણાતોની વારંવારની ગંભીર ચેતવણી છતાં પણ લોકો અન્યની ભૂલમાંથી પાઠ શીખતા નથી અને આવા ઠગની બિછાવેલી જાળમાં ફસાઈને હજારો, લાખો અને ક્યારેક તો કરોડો રૂપિયા પણ ગુમાવી બેસે છે.

## નિચાણમાં ગરકાવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે હવે સેકટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગની જવાબદારી કોર્પોરેશને સોંપવામાં આવી છે જયારે માર્ગોના ધોવાણ કે તુટી જવાના સંજોગોમાં પાટનગર યોજના વિભાગ સામે આંગળી ઉઠે છે. ત્યારે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ પેવર બ્લોકની કામગીરી દરમિયાન માર્ગો સાથે યોગ્ય લેવલીંગ જળવાય તે માટે કોર્પોરેશનને પત્ર લખી યોગ્ય તકેદારી રાખવા માટે પણ જણાંવ્યુ છે. શહેરના સેકટરોમાં લાંબા સમયથી માર્ગ સુધારણાની કામગીરી થઈ નથી જયારે હાલ ઠેર ઠેર થતા ખોદકામના લીધે માર્ગોની સુધારણાનુ કામ પણ ઠપ્પ થઈ ગયુ છે. આ સ્થિતિ વચ્ચે માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે ત્યારે આ સ્થિતિનો વિશેષ ખ્યાલ રાખવા માટે પણ પત્ર પાઠવવામાં આવ્યો છે.

## ૬૦ બસો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. જુનિયર કલાર્કની પરીક્ષાને અનુલક્ષીને પરીક્ષાર્થીઓની સંખ્યા વિશેષ હોવાના લીધે ટ્રેન પણ દોડાવવામાં આવશે. ગાંધીનગર ડેપોમાંથી બહારથી આવતા પરીક્ષાર્થીઓ માટે પણ ખાસ બસો દોડવાશે જેમાં સવારે પણ મહેસાણા સહીતના દુરના સેન્ટર પર જવા માટે બસ સેવા સરળતાથી મળી રહે તે મુજબનુ આયોજન કરાયુ છે. જયારે પરીક્ષાના અંતે પણ પરીક્ષાર્થીઓને પોતાના ઘર સુધી પહોંચવા માટે પણ અંદાજિત ૬૦ જેટલી બસોનુ વધારાના રૂટમાં આયોજન કરવામાં આવશે. વિવિધ રૂટમાં ટ્રાફિકને ધ્યાનમાં રાખીને એસ ટી તંત્ર દ્વારા નિર્ણય લેવાશે. જયારે તેવી જ રીતે જિલ્લામાંથી બહારગામ પરીક્ષા આપવા જનારા ઉમેદવારોની સંખ્યા પણ વધુ છે જેને અનુલક્ષી એસ ટી તંત્ર દ્વારા આગોતરુ આયોજન કરી દેવાયુ છે. જેમાં બહારના ડેપોની બસ પણ દોડાવાશે. જેથી આકરી ગરમીના દિવસોમાં ઉમેદવારોને યોગ્ય વાહન સેવા મળી રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર સમયસર પરીક્ષાર્થીઓ હાજર રહી શકે તે મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## ખાસ ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓનલાઈન અરજીઓ થઈ રહી હોવાનું જાણવા મળેલ છે. જો કે ઓફલાઈન અરજી કરનારાઓની સંખ્યા પણ સારી એવી છે. ટૂંકમાં મતદારયાદી સુધારણા ઝુંબેશને સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે હવે ચાર વખત વર્ષમાં યુવાઓને તક મળશે. ૧લી જાન્યુઆરી, ૧લી એપ્રિલ, ૧લી જુલાઈ તેમજ ૧લી ઓક્ટો.ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાઓ નામ નોંધાવી શકશે.

## ૬૧૫૫ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોતા સરકાર એલર્ટ મોડમાં આવી ગઈ છે. તેથી, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ગઈકાલે રાજ્યોના આરોગ્ય મંત્રી સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરી હતી. આ બેઠકમાં મનસુખ માંડવિયાએ કોવિડ-૧૯ના સંચાલન માટે જાહેર આરોગ્યની તૈયારીઓ અને રાજ્યો સાથે કોવિડ-૧૯ રસીકરણની પ્રગતિની સમીક્ષા કરી હતી. રાજધાની દિલ્હીમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૩૩ કેસ નોંધાયા છે, જ્યારે ૨ દર્દીઓના મોત થયા છે. દિલ્હીમાં કોરોનાનો પોઝિટીવ દર ૧૯.૯૩ ટકા છે. છેલ્લા ચાર અઠવાડિયાથી દેશમાં વધી રહેલા કોરોના કેસના કારણે ૨૧ રાજ્યોના ૭૨ જિલ્લા રેડ એલર્ટ હેઠળ કરવામાં આવ્યા છે.

## ભાજપમાં જોડાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે કોંગ્રેસને ૩ દિવસમાં ૩ આંચકા લાગ્યા છે. કેસવન પહેલા ગુરુવારે કેન્દ્રીયમંત્રી એ.કે.એન્ટોનીના દીકરા અનિલ એન્ટોની અને તેમના પછી શુક્રવારે અવિભાજિત આંધ્રપ્રદેશના પૂર્વ અને છેલ્લા સીએમ કિરણ કુમાર રેડ્ડી ભાજપમાં જોડાઈ ગયા હતા.